Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal - Shreemati Saraswatiben Ramanlal Shah Sanskrutik Bhavan, Nr. Godawari Dehrasar, Vasna, Ahmedabad-380007.

દરેક દિવસે
જીત તો નથી થતી,
પણ દરેક દિવસે
કરેલી મહેનત
જીત તરફ
જરૂર લઈ જાય છે.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)
Year - 22 ● Issue No. - 264 ● 1st September 2025 Price Rs. 2/- ● Pages-12

જાગૃતિ • માહિતી • પ્રવૃત્તિ • પ્રગતિ

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444
સહ સંપાદક : રમેશભાઈ સી. શાહ 94263 84275

વિજયભાઈ કે. શાહ............(બોરીઆવી) 9998602896
ભાઈલાલભાઈ એન. ગાંધી.........(સમોડા) 9925722324
ભાવેશભાઈ એન. શાહ............(ભાલક) 9427702080
જશવંતભાઈ પી. શાહ..............(ભાલક) 9974716584
સંદિપભાઈ એસ. શાહ.........(બોકરવાડા) 9825787549

**મેનેજીંગ ટ્રસ્ટી**

બકુભાઈ સી. ગાંધી (સમોડા) 98250 96444

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................. (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ...................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................... (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ..................... (મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ................ (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ..................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................. (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. ..................... (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી................(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ...................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ.........................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી.............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ.................. (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ...............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ.................. (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ...................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ...................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ........................ (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ...............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી.......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ. મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિબંધુઓ,

જય જિનેન્દ્ર, સમગ્ર જ્ઞાતિજનોએ આ ચાતુર્માસમાં પર્યુષણ સુધી જે કોઈ વિવિધ તપ કર્યા હોય તે સર્વે તપસ્વીઓની મંડળ તરફથી ખૂબ અનુમોદના. સર્વે તપસ્વીઓને હવે શાતા આવી ગઈ હશે. સર્વ જ્ઞાતિજનોને મંડળ પુન: "મિચ્છામિ દુક્કડમ્" પાઠવે છે.

સમાજના ઉત્કર્ષનો પાયો શિક્ષણ છે. શિક્ષણનું સ્તર ઊંચું આવે અને ઉન્નતિ થાય તે માટે અમદાવાદ મંડળ કટિબદ્ધ છે. મંડળને શૈક્ષણિક સહાય ક્ષેત્રે દાન પ્રાપ્ત થયેલ છે અને તેનો ઉપયોગ દર વર્ષે જ્ઞાતિના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય (ફી)માં, ફુલ સ્કેપ ચોપડા, સ્ટેશનરી આપવામાં અને કૌશલ્ય વૃદ્ધિ માટે શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરાવવામાં થાય છે.

જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે માટે દર વર્ષે ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવે છે તે પ્રણાલિકા મુજબ આ ૨૦૨૪-૨૫ વર્ષનો "શૈક્ષણિક પુરસ્કાર સમારોહ" જ્ઞાતિ મંડળના હોલમાં તા.૨૧-૦૯-૨૦૨૫, રવિવારે રાખવામાં આવ્યો છે. તે સાથે વિદ્યાર્થીઓની વક્તૃત્વ કળા ખીલે તે માટે એક વક્તૃત્વ સ્પર્ધા પણ રાખવામાં આવી છે. તેમાં ગ્રુપ વાઈઝ ઈનામ આપવામાં આવશે અને ભાગ લેનાર દરેકને આશ્વાસન (પ્રોત્સાહન) ઈનામ પણ આપવામાં આવશે. ત્યારબાદ ધોરણ-૧ થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવશે. કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ ભોજન સમારંભ રાખેલ છે. તેમાં સુવ્યવસ્થા જળવાય તે માટે વ્યક્તિ દિઠ રૂ.૫૦ ટોકન પાસ રાખેલ છે. ભોજનના પાસ મંડળના હોલ ઉપર અને કૃષ્ણનગર તથા બાપુનગરથી આપવામાં આવશે.

ખાસ સુચના :- મંડળના કાર્યાલયેથી ભોજનના પાસ તા.૧૦-૦૯-૨૦૨૫ થી તા.૧૭-૦૯-૨૦૨૫ સુધી સવારે ૧૦-૦૦ થી ૧૨-૩૦ સુધી આપવામાં આવશે. ત્રણે સ્થળેથી ટોકન પાસ લેવા આવનાર વ્યક્તિએ સભ્યપદનું કાર્ડ કે તેનો પુરાવો કે છેવટે સભ્ય નંબર લઈને આવવા નમ્ર વિનંતી છે. આ શૈક્ષણિક પુરસ્કાર સમારોહનો વિગતવાર સંપૂર્ણ અહેવાલ આ અંકમાં અન્યત્ર છાપેલ છે. તો તે દરેકે વાંચી લેવા ખાસ નમ્ર વિનંતી છે.

અગત્યની નોંધ :- ટ્રસ્ટી મંડળ (કારોબારી)ની મિટીંગમાં સર્વાનુમતે થયેલ ઠરાવ મુજબ જે જ્ઞાતિજન અમદાવાદ મંડળનો જે તારીખથી સભ્ય થયો હોય તે



## દિવ્ય માહાપર્વ

પર્વાધિરાજ શ્રી પર્યુષણ મહાપર્વની
આરાધના કરતાં
સમાજના સર્વે આદરણીય મહાનુભાવોને
મન વચન કાયાથી
મિચ્છામી દુક્કડમ્

સંપાદક: બકુભાઈ સી. ગાંધી । સહ સંપાદક: રમેશભાઈ સી. શાહ

# પરિવાર પત્રિકા

સૌજન્ય દાતા

(જાન્યુઆરી-૨૫ થી ડીસેમ્બર-૨૫)



**સ્વ. શ્રી શશીકાંતભાઈ પોપટલાલ ગાંધી**

(મોઢેરા) અમદાવાદ

જન્મ તા.૩૦-૦૯-૧૯૪૪ - સ્વ.તા.૦૯-૦૨-૨૦૨૪

પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને સાચી શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના

**સદ્‌ગતની સ્મૃતિમાં**

અલકા હિતેશકુમાર ગાંધી

હિતેશકુમાર બકુભાઈ ગાંધી

યાર્મી હિતેશકુમાર ગાંધી

વિધિ હિતેશકુમાર ગાંધી

**સ્વ.કમળાબેન પોપટલાલ ગાંધી**

**સ્વ.પોપટલાલ મોહનલાલ ગાંધી**

પરિવાર તરફથી અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા" મોકલવામાં આવશે.

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

## પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ .....(બોકરવાડા)

શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)

શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ...........(ઊંઢાઈ)

કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)

મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)

સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)

સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ...........(મણુંદ)

સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)

સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ...........(ખરોડ)

સભ્યને મંડળની કોઈ પણ યોજનાનો લાભ તે તારીખના એક વર્ષ બાદ મળવા પાત્ર ઠરશે. આમાં કોઈ વિશેષાધિકાર આપવામાં આવેલ નથી. સાધર્મિક પરિવારના કુટુંબીજનોને આર્થિક સહાયરૂપે અનુમોદના ખાતે સમાજના કોઈ પણ વ્યક્તિ રોકડ રકમ આપી સાધર્મિક સહયોગી થવાની ઈચ્છા હોય તેઓ મંડળના કાર્યાલયે રકમ લખાવી શકે છે. મંડળ તરફથી જીવન જરૂરિયાતની સામગ્રી પહોંચતી વખતે આપના તરફથી મળેલ રકમ પરિવારના કુટુંબ દીઠ મોકલી આપવામાં આવશે.

અશ્વિન એ. શાહ તરફથી તેમના ધર્મપત્ની દક્ષાબેનના નામે રૂા.૫૦૦૦/- મળેલ છે. જ્ઞાતિ મંડળ તેમનો આભાર વ્યક્ત કરે છે.

પરિવાર પત્રિકામાં આપની ધંધાકિય, વ્યાવસાયિક જાહેરાત માત્ર રૂા.૬૦૦/-માં આપી શકાય છે, તેની સાઈઝ ૬ સે.મી. X ૯ સે.મી. રહેશે. આ મામૂલી રકમથી જાહેરાત આપવાથી જ્ઞાતિજનોને જાણ થાય અને ધંધામાં વૃધ્ધિ થાય તો સહકાર આપશો.

મેડિકલ સહાય સ્કીમ અંતર્ગત મંડળના હોલમાં દર મહિને બે વખત ડૉ.શ્વેતાબેન આર. શાહ હોમિયોપેથીક માર્ગદર્શન અને દવા નિ:શુલ્ક આપે છે. તેના મેસેજ સંસ્થા દ્વારા વોટ્સએપથી મોકલવામાં આવે છે. તો આ સેવાનો લાભ લેવા સૌને વિનંતી છે.

સમ્યગ્જ્ઞાન પ્રસારનિધિ અંતર્ગત મંડળના હોલમાં સોમથી શનિ પાઠશાળા કાર્યરત છે. આપ સૌને ધાર્મિક શિક્ષણ માટે પાઠશાળાનો લાભ લેવા વિનંતી છે.

શ્રી ભાવેશભાઈ એમ શાહ-મંત્રી ● શ્રી રમેશભાઈ સી શાહ-સહમંત્રી

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

**તપસ્વી બહુમાન**

તા.૦૭-૦૯-૨૦૨૫, રવિવાર

સમય : બપોરે ૨-૦૦ થી ૫-૩૦

સ્થળ : જ્ઞાતિનોહોલ, વાસણા. (સાંસ્કૃતિક ભવન)

સ્વામીવાત્સલ્યના કાયમી સૌજન્ય દાતા શ્રીમતી સુભદ્રાબેન સુમતીલાલ કેશવલાલ સરૈયા પરિવાર સુપુત્રો : શ્રી ભરતભાઈ, શ્રી દિપકભાઈ, શ્રી કમલેશભાઈ પરિવાર (ઉનાવા-અમેરીકા) તપસ્વીઓના બહુમાન બાદ સ્વામિવાત્સલ્ય (ચૌવિહારના સમય સુધી જ) રાખેલ છે. સૌને લાભ લેવા વિનંતી.

**ખાસ વિનંતી**

અન્નનો બગાડ ન થાય તથા સ્વામિવાત્સલ્યમાં સુવ્યવસ્થા જળવાઈ રહે તે આશયથી આ વખતે સ્વામીવાત્સલ્યના પાસના ટોકન રૂા.૫૦/- રાખવામાં આવેલ છે. જે આપશ્રી જમવાની ડિશ લેશો ત્યારે પરત કરવામાં આવશે.

સ્વામિવાત્સલ્યના પાસ વિના આપને અગવડ ના પડે તે માટે પાસ અચૂક મેળવી લેશો. બહુમાનનો પ્રોગ્રામ પત્યાબાદ સાધર્મિકભક્તિનો લાભ લઈને જવા વિનંતી છે.

સર્વે તપસ્વી ભાઈ-બહેનો કાર્યક્રમમાં હાજર રહે અને કાર્યક્રમ માણે તેમજ સફળ બનાવે એવી અમારી અભ્યર્થના. હાજર રહેલ તપસ્વીઓનું જ બહુમાન કરવામાં આવશે. જેની સૌએ નોંધ લેવા વિનંતી.

પર્યુષણ પર્વની શરૂઆત પહેલાં સર્વે જ્ઞાતિજનોને અમારી હાર્દિક શુભેચ્છાઓ સહ સર્વેને અમારા "મિચ્છામી દુક્કડમ્" પાઠવીએ છીએ.

સોનલબેન એસ. શાહ-મંત્રી ● પીન્કીબેન એસ. શાહ-સહમંત્રી



ઈન્દિરાબેન ચંદ્રકાન્તભાઈ શાહ

(ગાંભુ-હાલ:પૂના)

જન્મ તા.૨૨-૧૨-૧૯૪૮ ✿ સ્વ.૦૪-૧૦-૨૦૨૪

**મૂર્ખાઓ પાસેથી વખાણ સાંભળવા કરતા, બુદ્ધિશાળી વ્યક્તિનો ઠપકો સાંભળવો ફાયદાકારક છે.**

હેમાબેન રાજેશકુમાર શાહ (ભાલક-અમદાવાદ)

રચના સંજયભાઈ શાહ (ગાંભુ-પૂના)

રોમીલ રાજેશકુમાર શાહ

અનાલી રોમીલ શાહ

કહાન, કીયાન

રીમા રવિકુમાર શાહ

રવિકુમાર વસંતભાઈ શાહ

રીવા

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

### તપસ્વી બહુમાનના સ્વાગત પ્રમુખ



શ્રીમતી સુધાબેન હરેશકુમાર શાહ
(ભાલક)

મૂળ ભાલકના વતની શ્રી હરેશકુમાર ઉતમલાલ શાહના ધર્મપત્ની શ્રીમતી સુધાબેન શાહ પોતાની પ્રસન્નતા, સેવાભાવ અને સાદગીભર્યા સ્વભાવ માટે જ્ઞાતિમાં ઓળખીતા વ્યક્તિ છે. શ્રી હરેશકુમારશ્રીએ પણ જ્ઞાતિમાં નોંધપાત્ર સેવાઓ આપી છે. તેઓ ઉદાર, પરિશ્રમશીલ અને સરળ સ્વભાવ ધરાવતા સુશીલ વ્યક્તિ હતા. સુધાબેન મોટપ નિવાસી શ્રી બાબુલાલ કેશવલાલ શાહના પુત્રી છે. પિતૃકૃપાથી પ્રાપ્ત ધાર્મિક સંસ્કારોને તેમણે જીવનમાં ઉતારી, ભાલક પરિવારમાં પણ સહજ રીતે પોતાનું સ્થાન બનાવ્યું છે. તેમણે પોતાના બંને પુત્રોને ઉત્તમ શિક્ષણ આપ્યું છે. મોટા પુત્ર શ્રી ભાવીન ICICI બેંકમાં ચીફ મેનેજર તરીકે અને નાના પુત્ર શ્રી શાલિન CAPGEMINI જેવી પ્રતિષ્ઠિત મલ્ટી નેશનલ IT કંપનીમાં સિનિયર મેનેજર તરીકે કાર્યરત છે. શ્રી શાલિનભાઈ હાલમાં જ્ઞાતિ યુથ ફોરમ કમિટીમાં અને ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે. તેમની પૌત્રી જીયા તથા પૌત્ર ધ્યેય અને યશ અભ્યાસમાં યતનશીલ છે. બંને પુત્રવધૂઓ – કાજલબેન અને શ્વેતાબેન – ધર્મનિષ્ઠ, માયાળુ અને સહજ સ્વભાવની છે. બંનેએ અઠ્ઠાઈ, અગિયાર ઉપવાસ તેમજ માસક્ષમણ જેવાં ઊંડા તપ કરેલા છે. આવો આદરણીય કુટુંબ હંમેશા જ્ઞાતિના કાર્યોમાં સહભાગી રહ્યો છે. સ્વયં શ્રીમતી સુધાબેન પણ જ્ઞાતિના વિવિધ કાર્યોમાં ઉદારતાથી યોગદાન આપે છે.

તેમણે તપસ્વી બહુમાનના સ્વાગત પ્રમુખ તરીકે રૂ. ૧૫,૦૦૦/- નો યોગદાન આપી સમાજપ્રેમનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. જ્ઞાતિ મંડળ આ તેમની ભાવનાનું હાર્દિક સ્વાગત કરી ભુરીભુરી અનુમોદના કરે છે અને પ્રભુચરણે પ્રાર્થના કરે છે કે તેઓ આવાં સત્કર્મોમાં સતત આગળ વધતા રહે.

સોનલબેન એસ. શાહ-મંત્રી ● પીન્કીબેન એસ. શાહ-સહમંત્રી



॥ શ્રી શંખેશ્વરાય પાર્શ્વનાથાય નમઃ ॥

## મહામૃત્યુંજય તપ
## માસક્ષમણની આરાધના

**શ્રીમતી ચંદ્રાબહેન ઉપેન્દ્રકુમાર જેઠાલાલ શાહ**
(ખરોડ-અમદાવાદ)

૬૧ વર્ષની ઉંમરે, શારીરિક પ્રતિકૂળતા હોવા છતાં અત્યારે માસક્ષમણની આરાધના કરી છે. મણુંદ નિવાસી શ્રીમતી લીલાવતીબેન બાબુલાલ શાહની દિકરી શ્રીમતી ચંદ્રાબેન શ્રેષ્ઠ સંસ્કારોનો કરીયાવર લઈ સાસરે આવ્યા અને સાસરીયામાં દૂધમાં સાકરની જેમ ભળી ગયા છે. પરિવારમાં વડિલોનું માન જાળવવાનું હોય, અતિથીઓનો સત્કાર કરવાનો હોય કે પછી ઘરનાં દરેક કાર્યમાં શ્રીમતી ચંદ્રાબેન ઉમદા અને અનુંકરણીય વહેવારનું ઉદાહરણ પુરૂ પાડેલ છે. અધ્યાત્મરૂચિ, મનની દ્રઢતા અને હૃદયની પવિત્રતા તથા વિશાળતા એમના ધર્મમાર્ગને મોકળો કરી રહી છે. અગાઉ તેમણે ઉપધાન તપ, પાંત્રીસુ, અઠ્ઠાવીસુ, અઢારિયુ, બે વખત અઠ્ઠાઈ તપ અને નવકાર મહામંત્રની પાંત્રીસ દિવસની તપસ્યા પણ કરી છે. દરરોજ સેવા પૂજા પણ કરે છે. દરેક કસોટીમાંથી પાર ઊતરવાની એમની સજ્જતા ખરેખર વંદનીય છે. અમારા પરિવારની આ પુણ્ય પ્રતિભાની અમે વિનમ્રભાવે અનુમોદના કરીએ છીએ.

**કલાવતીબેન જેઠાલાલ મોહનલાલ શાહ પરિવાર**
**(ખરોડ) અમદાવાદ**

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

### તપસ્વી બહુમાનના મુખ્ય મહેમાન



શ્રીમતી વૈશાલીબેન નરેશભાઈ શાહ
(દેલોલી)

આ વર્ષના તપસ્વી બહુમાનમાં રૂા.૨૧૦૦૦/-નું દાન આપી મુખ્ય મહેમાનનું પદ શોભાવનાર શ્રીમતી વૈશાલીબેન નરેશભાઈ શાહ (દેલોલી-અમદાવાદ) છે.

શ્રીમતી વૈશાલીબેન સવિતાબેન જયંતિલાલ શાહના પુત્રવધુ છે. સવિતાબેન ખૂબ જ ધાર્મિક અને પિતાજી જયંતિલાલ શાહ સ્વભાવે ખૂબ જ સરળ સ્વભાવિ હતા.

શ્રીમતી સવિતાબેન જયંતિલાલ શાહ પરિવાર અગાઉ આપણા મંડળ દ્વારા યોજાયેલ સમુહલગ્ન વરઘોડાના સૌજન્યદાતા તરીકે લાભ લીધો હતો. શ્રીમતી વૈશાલીબેને આરાધનામાં અઠ્ઠાઈતપ, વિશસ્થણ, ઓળી તેમજ ધાર્મિક સંસ્કારોનો વારસો લઈ આ કુળને ઉજાગર કર્યો છે. શ્રીમતી મંજુલાબેન સૂર્યકાન્તભાઈ ઉપાધ્યાયના તેઓ પુત્રી છે. એમનું ગામ હિંમતનગર છે. શ્રીમતી વૈશાલીબેન નરેશભાઈ શાહે ફેબ્રુઆરી ૨૦૧૮માં કરક ભદ્રેશ્વરનો ૨૦૦ માણસોનો ૪ દિવસનો સંઘ લઈ ગયા હતા.

તેમણે ફેબ્રુઆરી ૨૦૨૩માં પોશિના ૧૦૮ પારસનાથ પૂજન પોશિના તીર્થમાં ભણાવેલ છે.

શ્રી નરેશભાઈ પરિશ્રમી અને સરળ સ્વભાવના ઉમદા વ્યક્તિ છે. એમનો રોડ સેફટી પ્રોડકટ મેન્યુફેક્ચરીંગ નો બિઝનેસ ખુબજ બહોળો ચાલે છે

એમના પુત્રએ નવકાર અઠ્ઠાઈ તપશ્ચર્યા કરેલ છે અને એ પણ પિતાના વ્યવસાયમાં યુવાવસ્થાવી કુશળતા પ્રાપ્ત કરીને વ્યવસાયમાં માસ્ટરી ધરાવે છે.

વૈશાલીબેનના પુત્રવધુ રીનાબેન પણ વૈશાલીબેનના કુટુંબમાં ખૂબ પ્રેમપૂર્વક ભળી ગયેલ છે. એમના પૌત્રી મેરૂશી ખૂબ જ ગુણિયલ છે. વૈશાલીબેનના પુત્રી દેવનંદીએ પણ અઠ્ઠાઈ તપની આરાધના કરેલ છે અને તેઓ પણ વૈશાલીબેનના સંસ્કારનો વારસો આગળ વધારી રહ્યા છે.

તેઓ મણિનગરમાં "જલસા" ફેમીલી તરીકે સંઘમાં અનુમોદનીય કાર્યો કરતા રહે છે.

આવા સુકૃત કાર્યો કરનાર ધર્માનુરાગી શ્રીમતી વૈશાલીબેન નરેશભાઈ શાહને સમાજ પ્રત્યેની ભાવનાને બિરદાવતા જ્ઞાતિ મંડળ તેઓશ્રીના પરિવારની ભૂરી ભૂરી અનુમોદના કરે છે અને તેઓ આવા સત્કાર્યો કરતા રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

સોનલબેન એસ. શાહ-મંત્રી ● પીન્કીબેન એસ. શાહ-સહમંત્રી

## બદલાયેલા સરનામા

**અમદાવાદ**

**વિભાકર નટવરલાલ શાહ..................................(ઉનાવા)**
એ-૧૦૨, અનંતરા આલ્યાઈન્સ, ઓરબેટ પાસે, હેરીટેજ બંગ્લોઝની પાછળ, થલતેજ-૩૮૦૦૫૯. મો.: ૯૮૨૫૦૬૭૫૧૫

**આજીવન સભ્ય અમદાવાદ**

**અંકિત સુરેશભાઈ શાહ...............ઉનાવા**
એ-૪૦૩, ચોથેમાળ, વાલ્કેશ્વર હાઈટ્સ, વચનામૃત રેસીડેન્સ, સર્જન બંગલોની પાછળ, નવા નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦. મો.: ૯૯૭૯૯૬૨૧૧૦

## સંપાદકિય

# ક્ષમાપના

## ક્ષમાપના

ક્ષ :- ક્ષતિથી થયેલા
મા :- મારા અપરાધો હું કબુલ કરી
પ :- પગે લાગીને માફી માંગુ છું
ના :- ના તમે પાડશો નહિ એવી અપેક્ષા

**લગાઓ ન દેર અબ દિલ કો સાફ કરને મેં,**
**ભલાઈ સબકી હૈ, સબકો માફ કરને મેં**

ક્ષમાપના પર્યુષણનો પ્રાણ છે. "મિચ્છામિ દુક્કડમ્" એ જૈન ધર્મની અનેરી ઉમદા પ્રણાલી છે. ક્ષમાથી જ મોક્ષમાં દ્વાર ખુલે. સામયિકમાં ઇરિયાવહિયં સૂત્ર દ્વારા અને સંવત્સરી પ્રતિક્રમણમાં 'અતિચાર' દ્વારા, અતિ સૂક્ષ્મ રીતે, સમગ્ર વિશ્વના કોઈપણ જીવની આપણાથી હિંસા આચરાઈ હોય તો તે સવિહું મન વચન, કાયાએ કરી "મિચ્છામિ દુક્કડમ્" પાઠવીએ છીએ. અહિંસા, જીવદયા, કરૂણા, ક્ષમાપના જેવા અનેક વિશિષ્ટ સિધ્ધાંતોને લીધે તો જૈન ધર્મ જગતમાં સર્વશ્રેષ્ઠ છે.

આપણા સંસારી, ગૃહસ્થ જીવનમાં આપણાથી સ્વાર્થ, ક્રોધ, અભિમાન વગેરેને કારણે અન્ય જીવો સાથે મનદુ:ખ થાય છે, વેર બંધાય છે અને પાપ થાય છે. તેનાથી મુક્ત થવા ક્ષમાપના અત્યંત જરૂરી છે. તે માટે ડૉ.છાયા પરીખની આ સુંદર પંક્તિઓ પ્રસ્તુત છે.

તું પણ માફ કરી દે મુજને, હું પણ માફી માગું,
વિતેલી વાતો વિસરીને, આગળ વધવા લાગું,
તારા મારા વાંક તણો હિસાબ હવે નથી કરવો,
સર્વ જીવોની સંગાથે, મૈત્રીની વાણી વદીએ,
વેર ઝેરને ભૂલી જઈને, પ્રેમ પ્રથા આદરીએ,
મન, વચન ને કર્મ થકી, હું ભેદ બધાએ ભાંગું,
એક-મેકને માફ કરીને વાંસળી જેવું વાગું.

અને પૂ. સંતશ્રી ચિત્રભાનુ મ.સા.ના આ લોકપ્રિય ગીતની પંક્તિ કેમ ભૂલાય?

**મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું,**
**મુજ હૈયામાં વહ્યા કરે**
**શુભ થાઓ આ સકળ વિશ્વનું,**
**એવી ભાવના નિત્ય રહે.**



માફી માંગીને અને માફ કરીને અંત:કરણથી વિશુધ્ધ થવું આવશ્યક છે. પરંતુ હકીકતમાં ક્ષમાપનામાં કેટલીકવાર વ્યક્તિનો અહંકાર આડે આવે છે. ઝઘડો, વિવાદ થયો હોય અને તેને માફી માંગવાનું કહેવામાં આવે તો તે એમ કહેતો હોય કે "હું કોણ છું?, મને ઓળખે છે?, હવે તો હું તેને બતાવી દઈશ, ખબર પાડી દઈશ, હું તો શ્રીમંત છું, મોટો માણસ છું, અધિકારી છું અને તે મને કંઈ બોલી જાય? ન ચાલે" આવા હું પદ, ગુમાન, તોરમાં ને આવેશમાં આવેલ વ્યક્તિ ન કરવાનું કરી બેસે છે. કુટુંબના, પડોશના, સંસ્થામાં કે જતાં-આવતાં જે ઝઘડા થતા હોય છે તેના મૂળમાં વ્યક્તિ કે સમૂહનો સ્વાર્થ, અહંકાર, ક્રોધ હોય છે.

ક્રોધને કાબૂમાં રાખવો સહેલું કામ નથી. ક્રોધાગ્નિવાળા ચંડકોશિયાએ પરમાત્મા મહાવીર સ્વામીને ડંખ માર્યા છતાં પ્રભુએ તેને માફ કરીને તેના ક્રોધને શમાવેલો. કાનમાં ખીલા ઠોકનાર ગોવાળને પણ પ્રભુએ માફ કરેલો. અનેક ઊપસર્ગો કરનાર કમઠને પાર્શ્વનાથ ભગવાને ક્ષમા આપી. આવા તો કેટલાંયે દ્રષ્ટાંતો જૈન ધર્મમાં છે. પરંતુ જેટલું બોલીએ, લખીએ એટલું માફ કરી દેવું સહેલું નથી હોતું. જેનામાં ખૂબ સહનશીલતા, ઉદારતા, ધૈર્ય હોય તેજ ક્ષમા આપી શકે છે. क्षमा शस्त्रं करे यस्य दुर्जनः किं करिष्यति? જેના હાથમાં ક્ષમા રૂપી શસ્ત્ર છે તેને દુર્જન શું કરી શકે ?

તમે માફી માંગો છો તો એનો અર્થ એવો નથી કે તમે જ ખોટા છો અને સામેવાળા સાચા છે. તેનો અર્થ એ છે કે તમે તમારા અહમ્ કરતા સંબંધની કિંમત વધુ આંકો છો. જ્ઞાની વચન છે કે,

**"શમે ના વેર વેરથી, શમે વેર પ્રેમથી જ,**
**શમન સર્વ પાપનું મૈત્રીભાવ સનાતન."**

સામાન્ય રીતે એવું થાય છે કે રિવાજ છે એટલે ચાલો, "મિચ્છામિ દુક્કડમ્" દઈએ. વર્તમાનમાં તો (રૂબરૂ જઈને નહિ પણ) મોબાઈલથી "મિચ્છામિ દુક્કડમ્" કહી દીધું એટલે પત્યું! આપણા સ્વજનો, કુટુંબીઓ, જ્ઞાતિજનો, સંઘને, સ્નેહી-મિત્રોને "મિચ્છામિ દુક્કડમ્" આ પરંપરાગત રીતે કરીએ છીએ તે તો માત્ર ઔપચારિકતા થઈ. (અગત્યનો) યક્ષપ્રશ્ન એ છે કે શું જેની સાથે ઝઘડો, વિવાદ મનદુ:ખ થયું છે તેની સામે નમીને, હ્રદયપૂર્વક, અશ્રુભીની આંખે આપણે માફી માગીએ માગીએ છીએ ખરા? આમ કરીએ તો જ સાચી ક્ષમાપના. નમ્યો તે સહુને ગમ્યો. કલેશ ટાળવા Let go ની ભાવના અપનાવવી પડે તેથી Forget સૂત્રને અમલમાં મૂકવું પડે. માનવ માત્ર ભૂલ ને પાત્ર. વેદ વ્યાસે કહ્યું છે કે અઢારે પુરાણોનો સાર એ છે કે કોઈ જીવનું ભલું કરવું તે પુણ્ય અને તેનું અહિત કરવું તે પાપ.

અંતમાં, આપણા જીવે બાંધેલા ચીકણા કર્મોને ધોઈને પુનિત કરવા માટે ક્ષમાપના જેવો રામબાણ ઈલાજ એકે ય નથી. ક્ષમાપનાથી હ્રદય વિશુધ્ધ બને અને જિંદગી હળવી ફૂલ જેવી બને. સંત કવિ થિરુવલ્લરના દીર્ઘ કાવ્યમાં આ ભાવવાળી પંક્તિ છે કે,

વેર લેનારાનો આનંદ માત્ર એક દિવસ પૂરતો હોય છે,
પણ ક્ષમા કરનારની કીર્તિ પૃથ્વી પર કાયમ રહે છે.

તો ચાલો, ક્ષમાપના કરી, પાપનિર્ઝરા કરીને આ ભવને ઉજાળીએ અને પ્રાર્થના કરીએ કે,

शिवमस्तु सर्व जगतः परहित
नीरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशः
सर्वत्र सुखीनः भवन्तु लोकाः ॥

બકુભાઈ સી. ગાંધી (સમોડા)-સંપાદક • રમેશભાઈ સી. શાહ(કમાણા)-સહ સંપાદક

# સમાજના સભ્ય પરિવારના જન્મ દિવસ પર શુભેચ્છા

## દશે દિશાઓમાંથી દરેકને મન ઇચ્છિત ફળ પ્રાપ્ત થાય તેવી શુભેચ્છા...



હીતેષકુમાર બકુભાઈ ગાંધી
ગામ : સમોડા - અમદાવાદ
મોબાઈલ : ૯૮૨૫૦૨૪૭૨૨
જન્મ તારીખ : ૩ સપ્ટેમ્બર



રૂષભકુમાર સુમતીલાલ શાહ
ગામ : મણુંદ - અમદાવાદ
મોબાઈલ : ૯૮૨૪૦૨૩૨૩૭
જન્મ તારીખ : ૪ સપ્ટેમ્બર



હાર્દિકકુમાર જીતેન્દ્રકુમાર શાહ
ગામ : બોરીયાવી - મહેસાણા
મોબાઈલ : ૯૦૮૧૮૫૨૧૧૧
જન્મ તારીખ : ૭ સપ્ટેમ્બર



દિલીપકુમાર નાથાલાલ શાહ
ગામ : બોરીયાવી - અમદાવાદ
મોબાઈલ : ૯૯૯૮૬૫૦૭૯૩
જન્મ તારીખ : ૧૦ સપ્ટેમ્બર



જીજ્ઞાબેન જીતેશકુમાર શાહ
ગામ : બોરીયાવી - અમદાવાદ
મોબાઈલ : ૯૯૦૪૩૮૦૯૦૯
જન્મ તારીખ : ૧૦ સપ્ટેમ્બર



કીરણકુમાર સેવંતીલાલ શાહ
ગામ : ઉનાવા - પુના
મોબાઈલ : ૯૮૬૦૬૯૮૯૯૮
જન્મ તારીખ : ૧૦ સપ્ટેમ્બર



ચંદ્રકાંત દશરથલાલ શાહ
ગામ : રણુંજ - અમદાવાદ
મોબાઈલ : ૯૮૨૫૭૩૨૦૯૯
જન્મ તારીખ : ૧૧ સપ્ટેમ્બર



પ્રમોદકુમાર દલસુખલાલ શાહ
ગામ : ખરોડ - અમદાવાદ
મોબાઈલ : ૯૮૨૫૨૮૮૯૧૩
જન્મ તારીખ : ૧૮ સપ્ટેમ્બર



સતીષકુમાર અંબાલાલ શાહ
ગામ : મણુંદ - અમદાવાદ
મોબાઈલ : ૯૪૨૮૦૩૮૨૫૭
જન્મ તારીખ : ૨૨ સપ્ટેમ્બર



શીવાંગીનીબેન અંકીતકુમાર શાહ
ગામ : ભાલક - નડિયાદ
મોબાઈલ : ૭૯૯૦૩૨૭૦૦૪
જન્મ તારીખ : ૨૩ સપ્ટેમ્બર



અજયકુમાર મહેન્દ્રકુમાર શાહ
ગામ : ભાલક - અમદાવાદ
મોબાઈલ : ૯૪૨૬૫૦૬૧૪૯
જન્મ તારીખ : ૨૫ સપ્ટેમ્બર



અક્ષય તનેશકુમાર શાહ
ગામ : મણુંદ - પુના
મોબાઈલ : ૯૦૯૬૫૬૫૮૮૨
જન્મ તારીખ : ૨૭ સપ્ટેમ્બર

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ
## આયોજિત
## (૨૦૨૪-૨૫) નો શૈક્ષણિક પુરસ્કાર સમારોહ

**: કાયમી સૌજન્ય દાતા :**

**શ્રીમતી કંચનબેન બાબુલાલ દલસુખલાલ ગાંધી પરિવાર (મોટેરા, અમદાવાદ)**

**સુપુત્રીઓ : રુપાલી પરીનભાઈ, નીપા અમિતભાઈ.**

આ પ્રોગ્રામનું આયોજન આ વર્ષે તા. ૨૧/૯/૨૦૨૫ ને રવિવાર સવારે ૧૦ કલાકે મંડળના હોલ પર રાખવામાં આવેલ છે.

**: કાર્યક્રમની રૂપરેખા :**

★ દીપ પ્રાગટ્ય ★ શ્રી સરસ્વતી માતાની પ્રાર્થના કરીને કાર્યક્રમની શરૂઆત ★ આમંત્રિત મહેમાનો નું સ્વાગત ★વકતુત્વ સ્પર્ધા નું આયોજન ★ ઈનામ વિતરણ ★ ભોજન સમારંભ

**: અગત્યની સૂચના :**

જે વિદ્યાર્થી વકતુત્વ સ્પર્ધામાં ભાગ લેવા માંગતા હોય તેમને નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર આગળ સ્ટેજ પર આવીને કાગળમાં જોયા વગર ગુજરાતી અથવા અંગ્રેજીમાં બોલવાનું રહેશે સમય મર્યાદા પાંચ મિનિટની રહેશે.

**: વક્તુત્વ સ્પર્ધાના વિષય :**

(૧) જો હું ભારતનો (ની) વડાપ્રધાન બનું તો ? (૨) Amazon-Zomato-BLINKIT ની ઓનલાઈન ખરીદી કેટલી યોગ્ય તે વિશેના સારા અને ખરાબ તમારા અભિપ્રાયો (૩) આજની શિક્ષણનીતિ આમૂલ પરિવર્તન માંગે છે. ઉપરના ત્રણમાંથી કોઈ પણ એક વિષય ઉપર બોલવાનું રહેશે સારૂ બોલનાર પ્રથમ ત્રણ વિદ્યાર્થીને ઈનામ આપવામાં આવશે.
તે માટે ધોરણની મર્યાદામાં રહી નીચે મુજબ ગ્રુપ પાડવામાં આવેલ છે અને દરેક ગ્રુપ મુજબ એક ઈનામ આપવામાં આવશે. તેમજ ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને પણ આશ્વાસન ઈનામ આપવામાં આવશે.
ગ્રુપ A ધોરણ ૧ થી ૭, ગ્રુપ B ધોરણ ૮ થી ૧૨, ગ્રુપ C કોલેજથી ઉપરના બધા જ...

**ખાસ નોંધ :** જે વિદ્યાર્થીનું શૈક્ષણિક ઇનામ હોય તેમણે પ્રત્યક્ષ હાજર રહેવું પડશે ત્યારબાદ ઈનામ મળશે નહીં.
વકતુત્વ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે એક Google ફોર્મ ની Link તારીખ ૮ સપ્ટેમ્બર થી સમાજના what'sapp ગ્રુપમાં મૂકવામાં આવશે અને તેની છેલ્લી તારીખ ૧૫ સપ્ટેમ્બર સુધીની રહેશે ત્યારબાદ Link બંધ કરી દેવામાં આવશે તો જે વિદ્યાર્થીઓ ભાગ લેવા માંગતા હોય તે વિદ્યાર્થીએ તે ફોર્મ ભરીને online Submit કરવાનું રહેશે.

કાર્યકમ પતી ગયા બાદ ભોજન સમારંભ નું આયોજન રાખેલ છે તો તે માટેના પાસ તા.૧૦/૯/૨૦૨૫ થી મંડળના હોલ પરથી સવારે ૧૦ થી ૧૨.૩૦ સુધી તેમ જ પૂર્વ વિસ્તાર માટે બાપુનગર સંદીપભાઈ એસ શાહ (બોકરવાડા) (મો.૯૮૨૫૭ ૮૭૫૪૯) ના ઘરેથી તેમજ કૃષ્ણનગરમાં શ્રી અંકિતભાઈ એ. શાહ (ભાલક) (Mo. 99241 22060) ના ઘરેથી વ્યક્તિદીઠ રૂ.૫૦ ટોકન આપીને ૧૭/૯/૨૦૨૫ સુધી માં મેળવી લેવાના રહેશે. ટોકનના રૂ.૫૦ તે દિવસે જમવાની ડીશ લેતી વખતે પરત કરવામાં આવશે.
(અન્ન નો બગાડ ન થાય તેમ જ સુંદર વ્યવસ્થા બની રહે તે હેતુથી ટોકન ફી રાખેલ છે) તો સાથ અને સહકાર આપવા વિનંતી.
ઉપરની કોઈપણ બાબતે કંઈ પણ પૂછવું હોય તો એજ્યુકેશન કમિટીના નીચેના મેમ્બરનો સંપર્ક કરવો.


**સંદીપભાઈ શાહ** (Mo. 98257 87549)

**ઉનમેશભાઈ શાહ** (Mo. 94263 49407 )

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

## (૨૦૨૪-૨૫) નો શૈક્ષણિક પુરસ્કાર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી અને વિદ્યાર્થીની ની યાદી

### STD-1 (YEAR 2024-25)

| Sr. No | Name of Student | Village | Membership No. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Kreya Jaiminbhai Shah | Pindharpura | 902 | 97.80% | 9904141099 |
| 2 | Dev Kevin Shah | Bokarvada | 966 | 97.50% | 8141212842 |
| 3 | Nishi Hanikumar Shah | Tarabh | 1189 | 95.25% | 9898939661 |

### STD-2 (YEAR 2024-25)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Ved Aashishbhai Shah | Undhai | 944 | 97.14% | 8485999797 |
| 2 | Kavya Gaurang Shah | Unava | 1008 | 96.00% | 7600137493 |
| 3 | Janshi Ronakbhai Shah | Bhalak | 1258 | 89.00% | 7878297878 |

### STD-3 (YEAR 2024-25)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Vyana Daksheshbhai Shah | Bhalak | 807 | 99.40% | 8141817100 |
| 2 | Shalvi DhavalBhai Shah | Kharod | 829 | 95.50% | 9328948075 |
| 3 | Maurya BhavinBhai Shah | Bokarvada | 826 | 91.40% | 9925594767 |

### STD-4 (YEAR 2024-25)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Twisha Sanketbhai Shah | Denap | 1182 | 98.20% | 8488863120 |
| 2 | Vidit Hardik Shah | Lanava | 1158 | 97.50% | 9825883770 |
| 3 | Jainam Amitkumar Shah | Kharod | 755 | 96.33% | 9898393272 |

### STD-5 (YEAR 2024-25)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Vihan Niharbhai Shah | Pidharpura | 587 | 97.17% | 8980448833 |
| 2 | Heer Prashantbhai Shah | Bokarwada | 1027 | 96.00% | 8320176298 |
| 3 | Parshvi Jashminbhai Shah | Manud | 1263 | 94.66% | 9228502880 |

### STD-6 (YEAR 2024-25)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Dhayan sauravbhai Shah | Bokarwada | 1038 | 95.85% | 8511109223 |
| 2 | Zeel Dhavalbhai Shah | Bokarwada | 800 | 90.63% | 9974164961 |
| 3 | Dev Amit Shah | Bhalak | 701 | 89.50% | 9879613440 |

### STD-7 (YEAR 2024-25)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Pransh Aakashbhai Gandhi | Ranuj | 1235 | 94.17% | 9327007054 |
| 2 | Shah Namya Jaiminbhai | Pindharpura | 902 | 93.33% | 9904141099 |
| 3 | Rutvi Yogeshbhai Shah | Denap | 1058 | 92 83% | 9998567433 |

### STD-8 (YEAR 2024-25)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Misha Kaushal Shah | Bokarwada | 870 | 96.00% | 9427959594 |
| 2 | Shah Veer Kalpesbhai | Ganbhu | 1195 | 85.11% | 8487989290 |
| 3 | Riva Amitbhai Shah | Bhalak | 890 | 79.85% | 9512147300 |

### STD-9 (YEAR 2024-25)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Yashvi Jigarbhai Shah | Unava | 866 | 96.00% | 9909930873 |
| 2 | Rudra Ronakbhai Shah | Motidau | 1164 | 90.75% | 9925010695 |
| 3 | Darsh Rupeshkumar Shah | Ranuj | 832 | 88.29% | 8160337594 |

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

## (૨૦૨૪-૨૫) નો શૈક્ષણિક પુરસ્કાર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી અને વિદ્યાર્થીની ની યાદી

### STD-10 (YEAR 2024-25)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Ritva Alokbhai Shah | Bhalak | 852 | 96.40% | 9426364424 |
| 2 | Vihan Krunalkumar Shah | Bokarwada | 960 | 92.80% | 9428810075 |
| 3 | Kavish Jigarbhai Shah | Unava | 884 | 91.80% | 9825893344 |

### STD-11(COMMERCE) (YEAR 2024-25)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Niyansh Jigarbhai Shah | Manud | 1089 | 82.43% | 9913823032 |
| 2 | Rahil Mrugeshbhai Shah | Kharod | 1121 | 80.40% | 9925228858 |

### STD-11(SCIENCE) (YEAR 2024-25)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Aadi Marmikbhai Shah | Vadavali | 751 | 85.80% | 9426725469 |
| 2 | Shah Henil Malaybhai | Unava | 869 | 80.00% | 9974964228 |

### STD-12(COMMERCE) (YEAR 2024-25)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Param Purav Gandhi | Samoda | 1044 | 92.20% | 9925066002 |
| 2 | Twinshi Sapankumar Shah | Bhalak | 1092 | 83.57% | 9408684828 |

### STD-12(SCIENCE) (YEAR 2024-25)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Pratham Manishbhai Shah | Lachadi | 408 | 95.80% | 9428276462 |
| 2 | Jiya Dharmendrabhai Shah | Lachadi | 830 | 80.92% | 9624075926 |

### Diploma in Computer Engineering (YEAR 2024-25)

| Sr. No | Name of Student | Village | Membership no. | CGPA | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Pari Milanbhai Shah | Denap | 546 | 8.79 | 9824086539 |

### Chartered Accountant (NOV-2024)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Vardhan Niharbhai Shah | Bhandu | 1143 | 59.00% | 9998692119 |

### Chartered Accountant (MAY-2025)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Neel Kalpeshbhai Shah | Bokarvada | 1300 | 54.33% | 9925900464 |

### Bachelor of Engineering (I.T.) (YEAR 2024-25)

| Sr. No | Name of Student | Village | Membership no. | CGPA | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Moksha Pratikkumar Shah | Vadavli | 964 | 6.82 | 9427035240 |

### Master of Science (I.T.) (YEAR 2024-25)

| Sr. No | Name of Student | Village | Membership no. | CGPA | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Vrushali Himanshubhai Shah | Bokarvada | 479 | 8.66 | 9825455254 |

### Bachelor of Science & Computer Application

| Sr. No | Name of Student | Village | Membership no. | CGPA | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Shah Monish Vikrambhai | Bokarwada | 1299 | 6.31 | 9624166026 |

### M.B.A

| Sr. No | Name of Student | Village | Membership no. | CGPA | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Shah Riya Jayeshbhai | Bhalak | 582 | 6.86 | 9825723670 |

### Bachelor of Commerce

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Shah Khush Alpeshbhai | Bokarwada | 1294 | 61.43 | 9879659442 |

## શૈક્ષણિક સહાયક્ષેત્રે દાન-ફંડ-ભેટ

રૂા.૫૫૦૦/-



સૂર્યાબેન નાથાલાલ શાહ
(મોટી દાઉ)

ઉદારદિલ, સેવાભાવી અને મિલનસાર સ્વ.શ્રી નાથાલાલ અમૃતલાલ શાહ (મોટી દાઉ) ના આત્મશ્રેયાર્થે શ્રી પંચકલ્યાણક પૂજા ભણાવેલી સદ્ગત શ્રી નાથાલાલની પુણ્યસ્મૃતિમાં તેમના સહધર્મચારીણી શ્રી સૂર્યાબેને સમાજના વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રાપ્તિમાં સહાય થાય તે માટે મંડળના શૈક્ષણિક સહાય ક્ષેત્રે રૂા.૫૫૦૦/-નું દાન આપીને સમાજ પ્રત્યેનું ૠણ અદા કર્યું છે. માતા-પિતાના ધાર્મિક સંસ્કારો વારસામાં લઈને આવેલા શ્રી સૂર્યાબેન સ્વ.શ્રી નાથાલાલને સમાજના સર્વ સત્કાર્યોમાં પ્રેરણારૂપ અને સહાયરૂપ રહેલા. શ્રી સૂર્યાબેનના પરિવારે શૈક્ષણિક સહાયમાં દાન આપ્યું તે બદલ મંડળ આ પરિવારનો ખૂબ આભાર માનીને સુકૃતની અનુમોદના કરે છે.

## અનુમોદના ક્ષેત્રે દાન-ફંડ-ભેટ

રૂા.૫૦૦૦/-



અ.સૌ. દક્ષાબેન અશ્વિનભાઈ શાહ
(ગાંભુ)

અ.સૌ. શ્રીમતી દક્ષાબેન અશ્વિનભાઈ રસિકભાઈ શાહ (ગાંભુ) આપણા મંડળના સાધર્મિક વાત્સલ્ય ક્ષેત્રે અનુમોદના ખાતે રૂા.૫૦૦૦/-નું દાન કરેલ છે. જ્ઞાતિના સાધર્મિક પરિવારોને આપવામાં આવતી ખાદ્યસામગ્રીની સાથે રોકડા રૂપિયા આપવા માટે અનુમોદના રૂપે આ રકમ મળેલ છે. ધર્મપ્રિય દક્ષાબેને ત્રણ ઉપધાન તપ તથા વીસસ્થાનક તપ કરેલ છે. તેમના સાસુમા સ્વ.કંચનબેન અત્યંત ધાર્મિક અને સરળ સ્વભાવના હતા. શ્રી અશ્વિનભાઈના પિતાશ્રી સ્વ.રસિકલાલ વ્યવહારદક્ષ અને મળતાવડા હતા. હાલમાં અમદાવાદ મંડળમાં ખજાનચીનો હોદ્દો ધરાવતા શ્રી અશ્વિનભાઈ પોતાનો કિંમતી સમય, શક્તિ અને અનુભવનો લાભ આપીને કાર્યાલયમાં ઘણી બધી જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક બજાવે છે. આ પરિવારની સાધર્મિકો પ્રત્યેની અનુકંપાની ભાવના પ્રશંસાપાત્ર છે. જ્ઞાતિમંડળ તેમનો ખૂબ આભાર માની ધન્યવાદ પાઠવે છે.

રૂા. ૨૫૦૦/- સ્વ. શ્રી મહેન્દ્રભાઈ અંબાલાલ શાહ (મણુંદ-અમદાવાદ)ની પુણ્યસ્મૃતિમાં તેમના ભાઈ ચિ.સતીષભાઈ અંબાલાલ શાહે જ્ઞાતિમંડળના સાધર્મિક વાત્સલ્ય ક્ષેત્રે રૂા.૨૫૦૦/-નું દાન આપેલ છે. આ સમગ્ર પરિવાર અત્યંત ધાર્મિક અને પરિવારમાંથી કેટલાકે સંયમ ગ્રહણ કરેલ છે. મંડળ આ પરિવારનો ખૂબ આભાર માની અનુમોદના કરે છે.

## સાધાર્મિક વાત્સલ્ય ક્ષેત્રે દાન-ફંડ-ભેટ

રૂા.૫૫૦૦/-



કાન્તાબેન શશિકાન્ત ગાંધી
(મોઢેરા)

સ્વ.શશિકાન્ત પોપટલાલ ગાંધી (મોઢેરા) ના ધર્મચારીણી સ્વ.કાન્તાબેનની પુણ્યસ્મૃતિમાં તેમના સુપુત્રી અ.સૌ. ચિ. અલકાબેન હિતેષભાઈ ગાંધી (સમોડા) એ તેમના માતુશ્રી સ્વ.કાન્તાબેનના આત્મશ્રેયાર્થે મંડળના સાધર્મિક વાત્સલ્ય ક્ષેત્રે રૂા.૫૫૦૦/-નું દાન આપીને માતૃૠણ અદા કર્યું છે તે ધન્યવાદને પાત્ર છે. તેમના પિતાશ્રી શશિકાન્તભાઈ માયાળુ, મૃદુભાષી અને સાદગીમય જીવન જીવનારા હતા. પરંતુ સમાજ માટે તેમણે વખતો વખત ઘણું દાન આપેલ. અલકાબેનના માતુશ્રી સ્વ.કાન્તાબેન પિયરમાંથી મળેલા ધાર્મિક સંસ્કારો વાળા હતા અને હસમુખા, મિલનસાર અને કુટુંબપ્રેમી હતા. માતા-પિતા સુસંસ્કારોથી ઘડાયેલા અલકાબેને સાધર્મિક વાત્સલ્ય ક્ષેત્રે દાન કર્યું તે બદલ મંડળ તેમની ભાવનાની પ્રશંસા કરીને આભાર માને છે.

રૂા.૫૫૦૦/-



શ્રી નાથાલાલ અમૃતલાલ શાહ
(મોટીદાઉ)

કૃષ્ણનગર મંડળના પૂર્વ પ્રમુખ અને આધાર સ્તંભ એવા સ્વર્ગસ્થ શ્રી નાથાલાલ અમૃતલાલ શાહ (મોટીદાઉ)ના આત્મશ્રેયાર્થે તેમના પરિવારે બત્રીસી સમાજ હોલમાં શ્રી પંચકલ્યાણક પૂજા ભણાવેલી. તે માંગલિક પ્રસંગે તેમના પરિવારે મંડળના સાધર્મિક વાત્સલ્ય ક્ષેત્રે રૂા.૫૫૦૦/-નું દાન આપેલ છે. જેમ સદ્ગત નાથાલાલ સમાજના કોઈ પણ કાર્યમાં તન-મન-ધનથી સહયોગી બનતા, તેમ શ્રીમતી સૂર્યાબેન શાહ પરિવારે સદ્ગતની પુણ્યસ્મૃતિમાં સાધર્મિકો પ્રત્યે આ શુભ લાગણી દર્શાવી છે તે બિરદાવી મંડળ તેમનો આભાર માને છે. મંડળ, સદ્ગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ આપે તેવી પ્રાર્થના કરે છે.

રૂા.૫૫૦૦/-



સ્વ.ઈન્દુમતીબેન બચુભાઈ શાહ
(મણુંદ)

સત્કર્મોથી જીવનને શોભાવનાર, ત્યાગ અને સમર્પણના મૂર્તિમાન સ્વરૂપ, દરેક પડકારમાં ઢાલ બનીને ઉભા રહેલા, સરળતા અને શાંતિના સાગર એવા ધર્માનુરાગી શ્રીમતી ઈન્દુબેન બચુભાઈ શાહની પવિત્ર સ્મૃતિમાં પરિવાર તરફથી આ સાધર્મિક સહાય અર્પિત કરવામાં આવે છે. તેમનું જીવન અમારું માર્ગદર્શન રહ્યું છે, અને તેમનો ધર્મમય વારસો અમારું ગૌરવ છે.

## અવસાન-શ્રદ્ધાંજલિ



**મહેન્દ્રભાઈ અંબાલાલ શાહ**
ગામ : મણુંદ
હાલ : અમદાવાદ
સ્વ. તા.૨૮-૦૭-૨૦૨૫, સોમવાર



**ઈન્દુબેન બચુભાઈ શાહ**
ગામ : મણુંદ
હાલ : અમદાવાદ
સ્વ. તા.૦૫-૦૮-૨૦૨૫, મંગળવાર



**સેવંતીલાલ વ્રજલાલ શાહ**
ગામ : તરભ
હાલ : મહેસાણા
સ્વ. તા.૧૫-૦૮-૨૦૨૫, શુક્રવાર

આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના

॥ શ્રી વાસુપૂજ્ય સ્વામીને નમઃ ॥

# શ્રધ્ધાંજલિ

॥ શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમઃ ॥



## સ્વર્ગવાસ શારદાબેન રજનીકાન્ત શાહ

(ઉનાવા – હાલ: કાંદીવલી, મુંબઈ)

જન્મ તા.૧૫-૧૧-૧૯૩૮ ● સ્વર્ગવાસ. તા.૧૧-૦૭-૨૦૨૫

ધર્મ કદી ભૂલ્યા નહીં, દુઃખને દેખાડ્યું નહીં,
જીંદગી હતી નાની, પણ માયા મોટી લગાડી ગયા.
મનુષ્ય જન્મથી નહીં પણ કર્મથી ઓળખાય છે.
એટલે જ તો મરણ કરતા સંસ્મરણ વધુ યાદગાર બને છે.
**પ્રભુ તેમના આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના**

મયંક રજનીકાન્ત શાહ (પુત્ર)
ફાલ્ગુની મયંક શાહ (પુત્રવધુ)
અવિ મયંક શાહ (પૌત્ર)
ધ્રુવી અવિ શાહ (પૌત્રવધુ)
પ્રીતી રજનીકાન્ત શાહ (પુત્રી)

દર્શના દિલીપકુમાર શાહ (પુત્રી)
દિલીપકુમાર બચુભાઈ શાહ (જમાઈ)
ચિંતન - જયની - આહના
(મોટપ - હાલ: અમદાવાદ)
વિધી આકાશ શાહ (મુંબઈ)

૩૦૨/૩૦૩, જે-૨૫, આઈકોન હાઈટ્સ, મહાવીર નગર, ઓમકાર હોસ્પિટલની બાજુમાં, જોગર્સ પાર્કની સામે,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭. ફોન : મયંકભાઈ : ૯૩૨૨૨ ૫૯૮૭૫

।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।



# હાર્દિક અભિનંદન

ભાલક નિવાસી હાલ : અમદાવાદ
સુશીલાબેન ધીરજલાલ શાહ ના સુપૌત્ર અને
ઉમંગભાઈ તથા અલ્પાબેન ના સુપુત્ર

## ચિ. ક્રિશ

એ JEE - Main માંથી 99.4% સાથે ગુજરાતની
પ્રતિષ્ઠિત DA-IICT UNIVERSITY માં B Tech-ICT ની
ડિગ્રી પ્રાપ્ત કર્યા બાદ

## M.S. in Data Science

ની પદવી
RUTGERS UNIVERSITY
(State University of New Jersey )
માંથી એનાયત કરેલ છે, તેની આ સફળતા
ખૂબ ખૂબ અભિનંદન

## ચિ. ક્રિશ

ઉત્તરોત્તર ખૂબ જ પ્રગતિ કરી કુટુંબ તથા
સમાજનું ગૌરવ વધારે તેવી શુભેચ્છા.



**શુભેચ્છક**

| | |
|---|---|
| ઉમંગ શાહ | નીતા નિતીનકુમાર શાહ |
| અલ્પા શાહ | અલ્પા સંજયકુમાર શાહ |
| ક્રિશા શાહ | મોના કેતનકુમાર ગાંધી |

મહેન્દ્રભાઈ રસિકલાલ શાહ (નાના) ઉનાવા
ઈન્દુબેન મહેન્દ્રભાઈ શાહ (નાની)
કલ્પેશ - પાયલ



RNI No. GUJGUJ/2003/11307. • Published on 1st date of Every Month. Registered under Postal Registration No. GAMC-1401/2024-2026 valid up to 31st December 2026. Issued by SSPO's Ahmedabad City Fivision, permitted to post at Ahmedabad PSO on 1st date of Every Month. License to post without prepayment No. PMG/NG/102/2024-2026 valid up to 31/12/2026.



## ભાવભરી શ્રધ્ધાંજલિ



## સ્વ. ઈન્દુમતીબેન બચુભાઈ શાહ (ગામ:મણુંદ)

જન્મ તા.૩૧-૦૧-૧૯૪૨ • સ્વ.તા.૦૫-૦૮-૨૦૨૫

પરિવાર જેમનું મંદિર હતું, સ્નેહ જેમની શક્તિ હતી, પરિશ્રમ જેમનું કર્તવ્ય હતું,
પરમાર્થ જેમની ભક્તિ હતી, ધર્મ કદી ભૂલ્યા નહી, વ્યવહાર કદી ચૂક્યા નહી.
પરિવાર માટે જીવન પ્રેરણા હતું, આદર્શો માર્ગદર્શન હતા,
કર્મો સદા એવા કાર્યો કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે.
**પ્રભુ એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના**

મનોજ બચુભાઈ શાહ
હેમા મનોજ શાહ
ઋષભ મનોજ શાહ
રીમા ઋષભ શાહ

મીત મનોજ શાહ
ઝંખના મીત શાહ
સુપન ઋષભ શાહ

સંજય બચુભાઈ શાહ
લોપા સંજય શાહ
સંકેત સંજય શાહ
કોમ સંકેત શાહ

પૂત્રી - જમાઈ
બેલાબેન જયેશકુમાર ગાંધી (રણુંજ)
જયેશકુમાર બાબુલાલ ગાંધી
હીમાની મનકકુમાર શાહ
મીતેન જયેશકુમાર ગાંધી

**અંબાલાલ લલ્લુચંદ શાહ પરિવાર (મણુંદ)**

પરિવાર પત્રિકા
PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)
Printed and Published by BAKUBHAI CHHAGANLAL GANDHI on behalf of
SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
Office Time : 10-30 to 6-30 (Monday Close) • Phone : 26602375 • Email : info@47dashashrimali.com • www.47dashashreemali.in
Printed at Jagadish Offset, Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL.
Dipti Advertisers, 3rd Floor, P.K House, B/h. M. J. Library, Ellisbridge, Ahmedabad-6. Editor - BAKUBHAI CHHAGANLAL GANDHI